# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

***************************************************

1) ભાજપના વરિષ્ઠ નેતા શુભેન્દુ અધિકારી પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી બનશે.

2) સોમનાથ મંદિરના પુનર્નિર્માણની 75મી વર્ષગાંઠ નિમિત્તે સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવાશે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિ

3) અમદાવાદ વિમાન દુર્ઘટનાનો અંતિમ તપાસ અહેવાલ ટૂંક સમયમાં આવશે

4) દેશભરમાં ઘરેલુ LPGનો પુરવઠો સરળતાથી ઉપલબ્ધ હોવાની સરકારની ખાતરી

5) IPL ટી-20 ક્રિકેટમાં આજે દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો

.........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV EVE WB- AMIT SHAH

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા શુભેન્દુ અધિકારી પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી બનશે.

આજે કોલકાતામાં ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી. શ્રી અધિકારી રાજ્યના પ્રથમ ભાજપના મુખ્યમંત્રી બનશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં શ્રી અધિકારીને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. શ્રી શાહે જણાવ્યું કે બેઠકમાં નેતા પદ માટે ફક્ત શ્રી અધિકારીનું નામ પ્રસ્તાવિત કરવામાં આવ્યું હતું.

## (બાઈટ - અમિત શાહ)

ત્યારબાદ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શ્રી અધિકારીની પસંદગીની ઔપચારિક જાહેરાત કરી.

નવી ભાજપ સરકારનો શપથ ગ્રહણ સમારોહ આવતીકાલે કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

# PREZ OPERATION SINDOOR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઓપરેશન સિંદૂરને આતંકવાદ અને આપણા સાર્વભૌમત્વ અને નાગરિકોની સલામતી માટે જોખમરૂપ તમામ પરિબળો સામે ભારતના અટલ સંકલ્પનું નિર્ણાયક પ્રમાણ ગણાવ્યું છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે પહેલગામ ખાતે થયેલા ક્રૂર હુમલાનો યોગ્ય અને અનુકરણીય ચોકસાઈ સાથે સામનો કરવામાં આવ્યો હતો. તેમણે પુનરોચ્ચાર કર્યો કે જે લોકો ભારતને ધમકી આપવા માંગે છે તેઓએ જાણવું જોઈએ કે આપણું રાષ્ટ્ર સતર્ક, સંયુક્ત અને તાકાતથી જવાબ આપવા માટે સજ્જ છે.

# PM MODI ON OPERATION SINDOOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ આતંકવાદને હરાવવા અને તેના સક્ષમ ઇકોસિસ્ટમને તોડી પાડવાના પોતાના સંકલ્પમાં અડગ છે. ઓપરેશન સિંદૂરના એક વર્ષ પૂર્ણ થવા પર સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન દરમિયાન અપ્રતિમ હિંમત, ચોકસાઈ અને સંકલ્પ દર્શાવ્યો હતો. તેમણે કહ્યું કે દળોએ પહેલગામમાં નિર્દોષ ભારતીયો પર હુમલો કરવાની હિંમત કરનારાઓને યોગ્ય જવાબ આપ્યો. શ્રી મોદીએ એમ પણ ઉમેર્યું કે સમગ્ર રાષ્ટ્ર સશસ્ત્ર દળોને તેમની બહાદુરી માટે સલામ કરે છે.

# TAMILNADU POLITICS

તમિલનાડુમાં, રાજકીય મડાગાંઠ વચ્ચે, નવી સરકાર બનાવવા માટે વાટાઘાટો ચાલી રહી છે. આ સંદર્ભમાં, રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે આજે ચેન્નાઈના લોકભવનમાં ટીવીકે પ્રમુખ સી. જોસેફ વિજયને આમંત્રણ આપ્યું હતું. લોકભવન તરફથી પ્રેસ નોંધમાં જણાવવામાં આવ્યું હતું કે બેઠક દરમિયાન, રાજ્યપાલે સમજાવ્યું હતું કે સરકાર બનાવવા માટે તમિલનાડુ વિધાનસભામાં જરૂરી બહુમતી સમર્થન સ્થાપિત થયું નથી.

# INDIA-VIETNAM-BUSINESS FORUM

વિયેતનામના રાષ્ટ્રપતિ તો લામે આજે ભાર મૂક્યો હતો કે ભારત અને વિયેતનામ પાસે આજના બદલાતી વિશ્વ વ્યવસ્થામાં વૈશ્વિક સપ્લાય ચેઇનમાં મુખ્ય ભૂમિકા ભજવવાની નોંધપાત્ર તક છે. મુંબઈમાં ભારત-વિયેતનામ બિઝનેસ ફોરમને સંબોધતા, શ્રી લેમે જણાવ્યું હતું કે ભૂતકાળમાં બંને દેશોએ પરસ્પર સહયોગથી ઘણા પડકારોનો સામનો કર્યો છે અને ભારતીય કંપનીઓ, ખાસ કરીને અત્યાધુનિક ટેકનોલોજી ક્ષેત્રોમાં કામ કરતી કંપનીઓને વિયેતનામમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે બોલતા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત અને વિયેતનામ જેવા દેશોમાં ટેકનોલોજી અને ઉત્પાદન ક્ષેત્રના ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને વ્યાવસાયિકો એશિયાના ભવિષ્યને આકાર આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# ISRAEL-HEZBOLLAH

ઇઝરાયલે આજે જણાવ્યું હતું કે તેમણે લેબનોનના નબાતીહ વિસ્તારમાં આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહના ઠેકાણા પર હુમલો કર્યો હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ઇઝરાયલી વાયુસેનાએ જણાવ્યું હતું કે, દક્ષિણ લેબનોનમાં આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહના આશરે 20 જેટલા લશ્કરી સ્થળો પર હુમલા કર્યા હતા. ઇઝરાયલી સંરક્ષણ દળોએ ઇઝરાયલી નાગરિકોના રક્ષણ માટે આ હુમલા કર્યા હોવાની સ્પષ્ટતા કરાઇ હતી. IAF એ જણાવ્યું હતું કે, યુદ્ધવિરામ સમજૂતીની શરૂઆતથી, 220 થી વધુ આતંકવાદીઓ અને હિઝબુલ્લાહ આતંકવાદી સંગઠનના ખતરારૂપ કમાન્ડરોને ખતમ કરવામાં આવ્યા છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે બેરૂતના દહિયેહમાં હુમલામાં, વાયુસેનાએ હિઝબુલ્લાહ આતંકવાદી સંગઠનમાં રાદવાન ફોર્સ યુનિટના કમાન્ડરને ખતમ કરી દીધો હતો.

# DETAILED STOCKS

આજે સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં નરમાઈ જોવા મળી હતી, સેન્સેક્સ 114 પોઇન્ટ ઘટીને 77 હજાર 845 પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ચાર પોઇન્ટ ઘટીને 24 હજાર 327 પર બંધ થયો હતો. જોકે, નેશનલ સ્ટોક એક્સચેન્જ વધારા સાથે બંધ થયું હતું. મિડકેપ-100 1.1 ટકા અને સ્મોલકેપ-100 0.9 ટકા વધ્યો હતો.

સેન્સેક્સ પેકમાં, 30 માંથી 19 કંપનીઓના શેરમાં નુકસાન નોંધાયું હતું. ટોચના નબળા પ્રદર્શન કરનારાઓમાં, હિન્દુસ્તાન યુનિલિવર, TCS અને ટેક મહિન્દ્રા 1.3 હતા. જ્યારે મહિન્દ્રા અને મહિન્દ્રા, NTPC લગભગ અને કોટક બેંક ટકા વધ્યા હતા.

# WEST BENGAL ARREST

પશ્ચિમ બંગાળમાં, ભાજપના ધારાસભ્ય સુવેન્દુ અધિકારીના નજીકના સાથી ચંદ્રનાથ રથની હત્યામાં, રાજ્ય પોલીસે ત્રણની ધરપકડ કરી છે. પોલીસે સાત સભ્યોની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની પણ રચના કરી છે. તે CID ના IG ની દેખરેખ હેઠળ તપાસ કરશે.

દરમિયાન, પોલીસે હત્યા કેસમાં સિલિગુડીના એક રહેવાસીને કસ્ટડીમાં લીધો અને તેની તપાસ કરી. ગઈકાલે રાત્રે ચંદ્રનાથ રથની હત્યા કરનારા હુમલાખોરો દ્વારા તેની કારની નંબર પ્લેટનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આરોપ છે. લગભગ ત્રણ કલાકની તપાસ બાદ, પોલીસે તેને વધુ તપાસમાં સહકાર અને મદદ કરવાની ખાતરી સાથે છોડી દીધો.

# REV TN-STALEMATE

તમિલનાડુમાં નવી સરકારની રચના માટે, સૌથી મોટી પાર્ટી તામિલગા વેટ્રી કઝગમને નવી સરકારના ગઠન માટે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી અને માર્કસવાદી કમ્યુનિસ્ટ પાર્ટીએ સમર્થન આપ્યું છે. કોંગ્રેસે પહેલાથી જ 5 ધારાસભ્યો સાથે સમર્થન આપ્યું છે. આજે ઘણી ચર્ચા પછી, સીપીઆઈ અને સીપીએમ, બંને પાસે બે-બે ધારાસભ્યો છે, તેમણે સરકાર બનાવવા માટે ટીવીકેને બિનશરતી સમર્થન આપ્યું છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, વીસીકે આજે સાંજે અથવા કાલે બેઠક પછી પોતાનો અંતિમ નિર્ણય જાહેર કરે તેવી શક્યતા છે.

અન્ય રાજકીય ઘટનાક્રમમાં, રાજ્ય ભાજપ પ્રમુખ નૈનાર નાગેન્દ્રને સ્પષ્ટપણે કહ્યું છે કે પાર્ટીએ ચૂંટણી પરિણામોનો સ્વીકાર કર્યો છે. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું કે ભાજપ કોઈપણ રીતે ટીવીકે સાથે જોડાણ કરવા માંગતી નથી.

# SOMNATH AMRIT PARV

સોમનાથ મંદિરના પુનર્નિર્માણની 75મી વર્ષગાંઠ નિમિત્તે સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવાશે . પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 11મીએ પ્રભાસ પાટણ, સોમનાથ ખાતે સોમનાથ સ્વાભિમાન પર્વમાં ભાગ લેશે.

પત્રકારો સાથે વાત કરતા, રાજ્યના કેબિનેટ મંત્રી જીતુ ભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે સોમનાથ સ્વાભિમાન પર્વના ભાગ રૂપે, સોમનાથ ખાતે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક અને વારસાગત પરંપરાઓનું પ્રદર્શન કરતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે 11મી મેના રોજ, પ્રધાનમંત્રી ત્રિવેણી હેલિપેડથી વીર હમીરજી ગોહિલની પ્રતિમા સુધી એક કિલોમીટર લાંબા મેગા રોડ શો માં ભાગ લેશે. જેમાં વિવિધ કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રદર્શન ઉપરાંત વિવિધ ભારતીય રાજ્યોની સંસ્કૃતિઓનું પ્રતિનિધિત્વ કરતા પરંપરાગત નૃત્ય રજૂ કરવામાં આવશે.

આ મુલાકાત દરમિયાન, શ્રી મોદી સોમનાથ મંદિરમાં 'કુંભાભિષેક', 'ધ્વજ પૂજા' અને 'મહા પૂજા' કરશે. સૂર્ય કિરણ ટીમ દ્વારા એક શાનદાર એર શો અને મંદિર ઉપર હેલિકોપ્ટર દ્વારા ફૂલોનો વરસાદ આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણો હશે. આધ્યાત્મિક સમારોહ પછી, પ્રધાનમંત્રી સદભાવના ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરશે .

# GUJ-INDIA AIRCRAFT

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ માહિતી આપી છે કે એર ઇન્ડિયાની ફ્લાઇટ AI 171 ના દુઃખદ દુર્ઘટનાનો અંતિમ તપાસ અહેવાલ તેના અંતિમ તબક્કામાં છે અને એક મહિનાની અંદર જાહેર થવાની અપેક્ષા છે. આજે ગાંધીનગરમાં GIFT સિટી ખાતે એરક્રાફ્ટ લીઝિંગ અને ફાઇનાન્સિંગ સમિટ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો સંપૂર્ણ અને પારદર્શક તપાસ કરી રહ્યું છે.

## (Byte- Ram Mohan Naidu)

પીડિત પરિવારો અંગે ચિંતા વ્યક્ત કરતાં , શ્રી નાયડુએ ખાતરી આપી હતી કે મંત્રાલય પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને એરલાઇનને વળતર પ્રક્રિયા ઝડપી બનાવવા અને અસરગ્રસ્ત પરિવારો સાથે સક્રિય સંપર્ક જાળવવાનો નિર્દેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે 12 જૂને, લંડન જતું બોઇંગ 787 ડ્રીમલાઇનર ટેકઓફ પછી તરત જ અમદાવાદના એક રહેણાંક વિસ્તારમાં ક્રેશ થયું હતું, જેમાં 260 લોકોના મોત થયા હતા.

# RAILWAY - KAVACH

ભારતીય રેલ્વેએ **362** કરોડ રૂપિયાના ખર્ચે ઉત્તર રેલ્વેના મુખ્ય રૂટ પર સ્વદેશી કવચ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમના વિસ્તરણને મંજૂરી આપી છે . જેમાં ફિરોઝપુર અને જમ્મુ ડિવિઝનના એક હજાર **478** કિલોમીટરના રૂટ પર કવચની જોગવાઈનો સમાવેશ થાય છે. કવચ એ ભારતની સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ છે જે અસુરક્ષિત હિલચાલના કિસ્સામાં આપમેળે બ્રેક લગાવીને અથડામણને રોકવામાં મદદ કરે છે. આ ટેકનોલોજી લોકોમોટિવ્સ, સિગ્નલિંગ સિસ્ટમ્સ અને ટ્રેકસાઇડ સાધનો વચ્ચે સતત સંચાર દ્વારા સુરક્ષિત ટ્રેન કામગીરી જાળવવામાં લોકો પાઇલટ્સને પણ મદદ કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

# WEST ASIA BRIEFING

સરકારે કહ્યું છે કે દેશભરમાં ઘરેલુ LPGનો પુરવઠો સરળતાથી ઉપલબ્ધ છે અને વિતરક પુરવઠામાં કોઈ અછત નથી. આજે નવી દિલ્હીમાં, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ઘરેલુ ગ્રાહકોને ગેસની અછતનો સામનો ન કરવો પડે અને કિંમત સ્થિર રહે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર પ્રયાસો કરી રહી છે. તેમણે કહ્યું કે દેશભરમાં વાણિજ્યિક પુરવઠો લગભગ 70 ટકા સુધી પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે.

શ્રી શર્મા એ કહ્યું કે માર્ચ થી અત્યારે સુધી લગભગ 6 લાખ થી વધુ PNG કનેક્શન શરૂ કરવામાં આવ્યા છે.

(બાઇટ : SUJATA SHARMA ON PNG)

અને તેમણે કહ્યું કે, દેશમાં ક્યાંય પણ પેટ્રોલ કે ડિઝાલની કમી નથી . જનતાને ગભરાટમાં ખરીદી ટાળવા વિનંતી કરી.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના ડિરેક્ટર ઓપેશ કુમાર શર્માએ જણાવ્યું હતું કે સરકાર તમામ ભારતીય નાવિકોના કલ્યાણ અને સરળ દરિયાઈ કામગીરી માટે તમામ હિસ્સેદારો સાથે સતત સંપર્કમાં છે. તેમણે જણાવ્યું હતું કે ખાડી ક્ષેત્રમાં ભારતીય નાવિક સુરક્ષિત છે .

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે સરકારના ખાડી દેશોનો સંપર્ક કરવાના પ્રયાસો ચાલુ છે. તેમણે જણાવ્યું હતું કે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ ગઈકાલે સંયુક્ત આરબ અમીરાતની સત્તાવાર મુલાકાત લીધી હતી.

# WEST ASIA-CEASEFIRE STRAIN

પશ્ચિમ એશિયામાં થયેલ લશ્કરી તણાવ બાદ યુદ્ધવિરામ દબાણ હેઠળ આવી ગયો છે. અમેરિકી સૈન્યએ પુષ્ટિ આપી છે કે હોર્મુઝ સામુદ્રધુનીમાં તેના નૌકાદળ પર ઈરાની મિસાઇલો, ડ્રોન અને ઝડપી બોટ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. અમેરિકી નૌકાદળે પ્રતિક્રિયા આપી કે હુમલાઓ વચ્ચે નૌકાદળના ત્રણ વિનાશક જહાજો સફળતાપૂર્વક સ્ટ્રેટમાંથી પસાર થયા છે . રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જહાજોને કોઈ નુકસાન થયું નથી, જ્યારે અમેરિકી દળોએ હુમલાખોરોને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

વોશિંગ્ટન કહે છે કે પ્રસ્તાવિત શાંતિ માળખા પર તેહરાનના પ્રતિભાવની રાહ જોતી વખતે યુદ્ધવિરામ તકનીકી રીતે હજુ પણ અમલમાં છે. ઈરાનની સૈન્યએ જણાવ્યું હતું કે અમેરિકી દળોએ દરિયાકાંઠાના પાણીમાં એક ઈરાની તેલ ટેન્કર અને સંયુક્ત આરબ અમીરાતમાં કુજૈરાહ બંદર નજીક બીજા જહાજને નિશાન બનાવ્યું હતું. વ્યૂહાત્મક કેશમ ટાપુ અને અબ્બાસ બંદર નજીક પણ વિસ્ફોટ થયાના અહેવાલ છે. ઈરાને દાવો કર્યો હતો કે તેના દળોએ પ્રતિકૂળ લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા.

# NCW CRIME

રાષ્ટ્રીય મહિલા આયોગે જઘન્ય દુષ્કર્મના કેસોમાં ઝડપી ટ્રાયલ, કડક દેખરેખ અને પેરોલ પર પ્રતિબંધની માંગ કરી છે. આયોગે મહિલાઓ અને બાળકો વિરુદ્ધ જઘન્ય ગુનાઓના દોષિત માટે વર્તમાન પેરોલ સિસ્ટમ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. NCW ના અધ્યક્ષ વિજયા રહાતકરે જણાવ્યું હતું કે આયોગ ટૂંક સમયમાં કેન્દ્ર સરકારને ભલામણો કરશે, જેમાં દુષ્કર્મ અને મહિલાઓ અને બાળકો વિરુદ્ધ અન્ય ગંભીર ગુનાઓના દોષિતો માટે પેરોલ પર સંપૂર્ણ પ્રતિબંધનો સમાવેશ થાય છે.

આયોગના અધ્યક્ષે જણાવ્યું હતું કે તાજેતરના નસરાપુર દુષ્કર્મ કેસમાં જાહેર સલામતી અને સમાજમાં મહિલાઓના વિશ્વાસ અંગે ગંભીર ચિંતાઓ ઉભી થઈ છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કૅપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. જેમાં કોલકાતા નાઈટ રાઈડર્સએ ટોસ જીતીબોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. છેલ્લા અહેવાલ અનુસાર દિલ્હી કપિટલ્સએ 5 ઓવરમાં 1 વિકેટે 49 રન બનાવ્યા છે. પૉઈન્ટ ટેબલમાં હાલ દિલ્હીની ટીમ સાતમા અને કોલકાતાની ટીમ આઠમા ક્રમે છે.

# RAJNATH SINGH-TMR

તિરંગા પર્વત બચાવ (TMR) ની 10મી વર્ષગાંઠ નિમિત્તે નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે રાષ્ટ્રનું સશક્તિકરણ અને સુરક્ષા ફક્ત તેની સરહદોનું રક્ષણ કરવા સુધી મર્યાદિત નથી, પરંતુ તેમાં સમાજ, પર્યાવરણ અને તેના નાગરિકોની સલામતીનો પણ સમાવેશ થાય છે.

સિંહે જણાવ્યું હતું કે હિમાલય જેવા સંવેદનશીલ વિસ્તારોમાં, તિરંગા પર્વત બચાવ ફક્ત બચાવ કામગીરી પૂરતું મર્યાદિત નથી, પરંતુ દેશના સશસ્ત્ર દળો અને સ્થાનિક સમુદાયો માટે આત્મવિશ્વાસ અને સ્થિતિસ્થાપકતાના મજબૂત સ્તંભ તરીકે કામ કરે છે.